દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૨ એપ્રિલ, ૨૦૨૬

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર, ભાજપ-કોંગ્રેસ અને આપ ક્યાં છે તે ખબર પડી જશે

રાજ્યની પ્રજા શું માની રહી છે અને કયા પક્ષને વધુ પસંદ કરી રહી છે તેનો ચિતાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળે છે. ગુજરાતમાં કોરોનાના સમય 2021માં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ થઇ હતી. હવે પાંચ વર્ષ પુરાં થતાં ફરી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં 15 મહાનગર પાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતોમાં આ ચૂંટણી થશે. ગુજરાત ચૂંટણીપંચે 1લી એપ્રિલના રોજ ચૂંટણીની જાહેરાત કરતાં કહ્યું છે કે, આગામી તા.26મી એપ્રિલના રોજ આ ચૂંટણીમાં મતદાન થશે અને તા.28મી એપ્રિલના રોજ મતગણતરી કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાત સાથે જ રાજ્યમાં આદર્શ ચૂંટણી આચારસંહિતાનો અમલ પણ શરૂ થઇ ગયો છે. આશરે 10005 બેઠકો માટે આ ચૂંટણી થશે અને તેમાં 4.18 કરોડ મતદારો દ્વારા મતદાન કરવામાં આવશે. મતદારો સવારે 7થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન મથકો પર મતદાન કરી શકશે. હાલમાં આ તમામ ઠેકાણે જ્યાં ચૂંટાયેલી પાંખ નથી ત્યાં વહીવટદારની વરણી કરી દેવામાં આવી છે.

પાંચ વર્ષ પહેલા 2021માં તા.23મી જાન્યુ.ના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થઈ હતી અને તા.5મી માર્ચના રોજ ચૂંટણી પૂરી થઇ હતી. જોકે, આ વખતે SIRની કામગીરી હાથ ધરવામાં આવી હોવાને કારણે ચૂંટણીની સમયસર જાહેરાત કરી શકાય નથી અને તેને કારણે વહીવટદાર નિમવાની સરકારને ફરજ પડી હતી. આ વખતની ચૂંટણી માટે તા.6ઠ્ઠી એપ્રિલના રોજ જાહેરનામું બહાર પડી જશે અને તા.11મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી કરવાની રહેશે. બાદમાં મતદાન થશે. આ ચૂંટણીઓ માટે આપ પાર્ટી દ્વારા અનેક મહાનગર પાલિકા માટે પોતાના ઉમેદવારોની પ્રથમ યાદીની જાહેરાત કરી દેવામાં આવી છે. જ્યારે ભાજપમાં હજુ સેન્સ લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. કોંગ્રેસમાં પણ કોને ટિકિટ આપવી તેની મથામણ ચાલી રહી છે. ભાજપે આ વખતે પોતાના નિરિક્ષકોના નામો છેલ્લે સુધી જાહેર કર્યા નહોતા અને સવારે સેન્સની પ્રક્રિયા વખતે જ બધાને ખબર પડી હતી કે નિરીક્ષકો માટે આ આગેવાનો આવ્યા છે. ભાજપમાં સેટિંગ નહીં થાય તે માટે હાઈકમાન્ડે આ સ્ટ્રેટેજી અપનાવી હતી. જોકે, ભાજપમાં તમામ ટિકિટો પ્રદેશ સ્તરેથી જ નક્કી થનાર હોવાથી આ સ્ટ્રેટેજીનો એટલો મતલબ રહે તેમ નથી.

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીઓ ભાજપની સાથે સાથે કોંગ્રેસ અને આપ માટે પણ લિટમસ ટેસ્ટ સમાન પુરવાર થશે. મનપા, જિ. પં. અને તા.પં.માં લગભગ તમામ ઠેકાણે ભાજપનું જ શાસન હતું. ભાજપ ફરી પોતાનું જ શાસન રહે તે માટે અનેક પ્રયાસો કરશે. આપ માટે સુરત મહાનગરપાલિકા એ સફળ અભિયાન રહ્યું હતું. આ વખતે આપ દ્વારા એવા પ્રયાસો કરાશે કે સુરતમાં વધુને વધુ બેઠકો આવે. તો કોંગ્રેસ માટે પોતાનું અસ્તિત્વ ટકાવવાનો સવાલ છે. એક સમયે મોટાભાગની જિલ્લા પંચાયતો કબજે કરનાર કોંગ્રેસ બાદમાં ક્ષીણ થઇ રહી હતી. આ વખતે પણ કોંગ્રેસની એવી તૈયારી જ નથી કે આ તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પોતાનું શાસન સ્થાપે. કોંગ્રેસના જુના જોગીઓ કે જેઓ ચૂંટણી જીતી શકે તેમ નથી તેવાના હાથમાં ફરી બાગડોર સોંપીને હાઈકમાન્ડે પહેલેથી જ હાર માની લીધી હોવાની સ્થિતિ છે. કોંગ્રેસના આ વખતે પણ તેના પરંપરાગત મતો મળશે પરંતુ જે રીતે જીતવા માટે મહેનત જરૂરી છે તેવી મહેનત કોંગ્રેસ દ્વારા સ્હેજેય કરવામાં આવી રહી નથી તે હકીકત છે. આ ચૂંટણી કોંગ્રેસ માટે ખુબજ મહત્વની છે. કારણ કે છેલ્લી ચૂંટણીની સરખામણીમાં ગત ચૂંટણીમાં કોંગ્રેસની બેઠકો ઘટી હતી. કોંગ્રેસ અને આપ દ્વારા સમજુતિ કરવામાં આવે તો જ ભાજપને પડકાર આપી શકે તેમ છે.

બીજી તરફ ભાજપમાં પણ આંતરિક જુથવાદ ખૂબ જ પ્રબળ છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભાજપમાં અંદરખાને જ્વાળામુખી ભરેલો જ છે. વિસાવદરની ચૂંટણીમાં પણ ભાજપે આંતરિક જુથવાદમાં જ બેઠક ગુમાવવી પડી હતી. એક સમયની શિસ્તબદ્ધ પાર્ટી ગણાતી ભાજપમાં હવે કોંગ્રેસની જેમ નેતાઓનો જુથવાદ મોટો થઈ રહ્યો છે. આ ચૂંટણી ભાજપ, કોંગ્રેસ અને આપને તેઓ કયા સ્થાને છે તેનો અહેસાસ કરાવી દેશે તે નક્કી છે.

યુએસ-ઇઝરાયેલ-ઈરાન યુદ્ધની ગુજરાતની અર્થવ્યવસ્થા પર અસર

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

ગલ્ફમાંથી રેમિટન્સ પર અસર : ગુજરાતમાંથી UAE, સાઉદી અરાબિયા, કુવૈત વગેરેમાં આશરે ૮-૧૦ લાખ લોકો કામ કરે છે

ગુજરાત ભારતના અર્થતંત્રમાં આશરે ૮.૫-૯% હિસ્સો ધરાવે છે, જેમાં તેલ રિફાઈનિંગ, પોર્ટ લોજિસ્ટિક્સ, પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઇલ, કેમિકલ અને ડાયમંડ નિકાસ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ અને ગલ્ફ અર્થતંત્ર અસ્થિર બનતાં ગુજરાત ભારતના સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાંનું એક બન્યું છે. રાજ્યના પોર્ટ્સ ભારતના કુલ કાર્ગોના આશરે ૪૦% હેન્ડલ કરે છે અને રિફાઈનરીઓ દેશના તેલ પુરવઠાના મોટા ભાગનું પ્રોસેસિંગ કરે છે.

ગુજરાતની તેલ રિફાઈનરી અને પેટ્રોકેમિકલ સેક્ટર પર અસર : મુખ્ય રિફાઈનરીઓ જામનગર (રિલાયન્સ - વિશ્વની સૌથી મોટી, ૧.૪ મિલિયન બેરલ/દિવસ), મુંદ્રા (અદાણી) અને નાયારા છે. ક્રૂડ તેલની કિંમત $૧૦૦-૧૧૯/બેરલ પહોંચતાં આયાત ખર્ચમાં ૨૨-૩૨% વધારો થાય જેથી માર્જિન ઘટે, ઉત્પાદન ખર્ચ વધે અને નિકાસ સ્પર્ધાત્મકતા ઘટે. આના કારણે અંદાજે રૂ. ૧૫,૦૦૦-૨૫,૦૦૦ કરોડ (રાજ્ય GDPના ૦.૮-૧.૨%) જેટલું વાર્ષિક નુકસાન થાય. લાંબા ગાળે કેટલાંક યુનિટ્સમાં ઉત્પાદન અને રોજગારી બંને ઘટી શકે.

પોર્ટ અને લોજિસ્ટિક્સ સેક્ટર પર અસર : મુંદ્રા, કંડલા (દીનદયાળ), પીપાવાવ, દહેજ અને હજીરા જેવા ભારતના અગ્રણી પોર્ટ ગુજરાતમાં છે. હોર્મુઝ સ્ટ્રેટ અને શિપિંગ રૂટ્સમાં રૂકાવટને કારણે નૂર ખર્ચમાં ૩૦-૫૦% વધારો થાય, કાર્ગો વોલ્યુમમાં ૧૫-૨૫% ઘટાડો થાય. અંદાજે રૂ. ૮,૦૦૦-૧૨,૦૦૦ કરોડ જેટલું વાર્ષિક નુકસાન પોર્ટની આવક અને સંલગ્ન ઉદ્યોગોમાં થાય. લોજિસ્ટિક્સ સેક્ટરના ૧૦-૧૨% ઘટાડા સાથે ગુજરાત GDPમાં ૦.૮-૧.૫% ઘટાડો થાય.

ગલ્ફમાંથી રેમિટન્સ પર અસર : ગુજરાતમાંથી UAE, સાઉદી અરાબિયા, કુવૈત વગેરેમાં આશરે ૮-૧૦ લાખ લોકો કામ કરે છે. કુલ રાષ્ટ્રીય રેમિટન્સમાં ગુજરાતનો હિસ્સો ૧૨-૧૫% (વાર્ષિક ૨૫,૦૦૦-૩૦,૦૦૦ કરોડ) છે. નોકરી/વેતન ઘટવાથી આમાં ૧૦-૨૦% ઘટાડો એટલે રૂ. ૨,૫૦૦-૬,૦૦૦ કરોડ વાર્ષિક નુકસાન થાય. સુરત, રાજકોટ, જામનગર, કચ્છ અને ભરૂચ જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો ગલ્ફમાં છે એટલે આ જિલ્લામાં વપરાશ, રોકાણ અને રિયલ એસ્ટેટ પર મોટી અસર થાય.

ગુજરાત GDP, વૃદ્ધિ અને અન્ય ક્ષેત્રો પર અસર : યુદ્ધ પહેલાં ૮-૯% રાજ્ય જીડીપીનો અંદાજ હતો જેમાં યુદ્ધને કારણે ૧-૨%નો ઘટાડો થઈ શકે. ટેક્સટાઈલ અને કેમિકલ ક્ષેત્રે નિકાસ ઘટે (૧૦-૧૮% અસર). MSME અને ડાયમંડ ક્ષેત્રમાં વપરાશ ઘટે. સબસિડીમાં કાપથી કૃષિ/ખાતર ક્ષેત્રે ખર્ચ વધે. રાજ્ય સ્તરે વેપાર ખાધ વધે અને રેમિટન્સ ઘટે.

સામાજિક યોજનાઓ અને ગ્રામીણ અસર : PMAY-G, જલ જીવન મિશન અને મનરેગા/VB-G RAM Gમાં કાપ આવતાં ગ્રામીણ ગુજરાતમાં આવાસ, પાણી અને રોજગારી પર અસર થાય. સૌરાષ્ટ્ર અને કચ્છમાં વધુ તકલીફ પડે. અંદાજે ૧.૫-૨.૫ લાખ અસંગઠિત નોકરીઓ જોખમમાં મુકાઈ શકે.

ગુજરાત (મુખ્યત્વે સુરત) વિશ્વના કુલ ડાયમંડ પોલિશિંગ અને કટિંગના ૯૦-૯૫% હિસ્સાનું કેન્દ્ર છે. આ ઉદ્યોગ રાજ્યના અર્થતંત્રમાં આશરે રૂ. ૨.૫-૩ લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે અને ૧૨-૧૫ લાખ લોકોને સીધી રોજગારી આપે છે. સુરતમાંથી વાર્ષિક $૨૫-૨૮ અબજના ડાયમંડ નિકાસ થાય છે, જે ભારતના કુલ જ્વેલરી નિકાસના આશરે ૮૦% છે.

ઈરાન યુદ્ધથી આ ઉદ્યોગને અસર થઈ છે. વિશ્વના ૭૦% ડાયમંડ વાયા દુબઈ રૂટે જાય છે. હોર્મુઝ સ્ટ્રેટ અને શિપિંગ વિક્ષેપથી ફ્લાઈટ અને કાર્ગો રૂટ્સ પ્રભાવિત થયા છે. ગલ્ફ અને ઇઝરાયેલ વિશ્વનું મુખ્ય ડાયમંડ ટ્રેડિંગ હબ છે જ્યાંની ફ્લાઇટ્સમાં ૪૦-૬૦% કેન્સલેશન થયું છે. ભાડા અને વીમા ખર્ચમાં ૩૫-૫૦% વધારો થતાં આફ્રિકા, રશિયા, કેનેડાથી રફ ડાયમંડની આયાત અને પોલિશ્ડ ડાયમંડની નિકાસમાં વિલંબ થયો છે. જેના કારણે અંદાજે વાર્ષિક નિકાસમાં $૧.૮-૨.૨ અબજનું નુકસાન છે.

અમેરિકા (૪૦%), યુરોપ, UAE અને ચીન ડાયમંડનાં મુખ્ય બજારો છે. યુદ્ધની અનિશ્ચિતતા અને વૈશ્વિક મંદીથી લક્ઝરી ગુડ્સ (ડાયમંડ જ્વેલરી)ની માંગમાં ૧૫-૨૫% ઘટાડો છે. ઇઝરાયેલ ડાયમંડ ટ્રેડિંગમાં મહત્ત્વનું કેન્દ્ર છે; યુદ્ધને કારણે ટ્રેડિંગને અસર થઈ છે. નાણાં વર્ષ 2027માં ગુજરાતના ડાયમંડ નિકાસમાં ૧૮-૨૫% ઘટાડો એટલે રૂ. ૪૫,૦૦૦-૬૦,૦૦૦ કરોડનું નુકસાન થઈ શકે.

સુરતમાં ૧૨ લાખથી વધુ કામદારો ડાયમંડ ઉદ્યોગમાંથી રોજગારી મેળવે છે. ઉદ્યોગમાં ૨૦-૩૦% યુનિટ્સમાં કામકાજ ઘટ્યું છે. એટલે ૨.૫-૩.૫ લાખ કામદારોને અસર થઈ છે. ઓઈલની કિંમત વધવાથી પોલિશિંગ મશીનરી અને ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ૧૫-૨૫% વધારો થયો છે.

સરકારની વ્યૂહરચના : પોર્ટ ઈન્ફ્રા, MSME સબસિડી, સ્કિલ ડેવલપમેન્ટ અને રેમિટન્સ અસરગ્રસ્ત જિલ્લાઓ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે રૂ. ૧૦,૦૦૦-૧૫,૦૦૦ કરોડનું વિશેષ પેકેજ જાહેર કર્યું છે. રશિયન તેલ આયાત વધારીને અને સ્થાનિક રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સને વેગ આપીને અસર ઘટાડવાના પ્રયાસો ચાલુ છે. ગુજરાત સરકારે પોર્ટ અને રિફાઈનરીઓ માટે ઈમર્જન્સી લોજિસ્ટિક્સ સપોર્ટ અને MSME માટે વધારાની ક્રેડિટ સુવિધા જાહેર કરી છે.

યુએસ-ઇઝરાયેલ-ઈરાન યુદ્ધે ગુજરાતને ભારતનાં અન્ય રાજ્યો કરતાં વધુ અસર કરી છે કારણ કે તેનું અર્થતંત્ર તેલ, પોર્ટ અને ગલ્ફ રેમિટન્સ પર આધારિત છે. ટૂંકા ગાળામાં ઓછી અસર જોવા મળે, પરંતુ યુદ્ધ લાંબું ચાલે તો રાજ્યના GDPમાં ૧થી ૨% વધારાનો ઘટાડો, રોજગારી અને વપરાશ પર દબાણ અને CADની અસરો વધી શકે છે. સરકારી વિશેષ પેકેજ અને આત્મનિર્ભરતા વ્યૂહરચનાથી નુકસાનને ઘટાડી શકાય છે, પરંતુ કૂટનીતિ અને ઊર્જા વિવિધીકરણ જરૂરી છે.

યુદ્ધે ગુજરાતના ડાયમંડ ઉદ્યોગને મોટો આંચકો આપ્યો છે. ટૂંકા ગાળામાં લોજિસ્ટિક્સ અને નિકાસમાં ૧૫-૨૫% અસર થઈ શકે જ્યારે લાંબા યુદ્ધમાં $૨ અબજથી વધુનું વાર્ષિક નુકસાન અને લાખો રોજગારી જોખમમાં છે. ઉદ્યોગ સંગઠનો અને સરકારે તાત્કાલિક સહાય અને વૈકલ્પિક વ્યૂહરચના અપનાવી છે, પરંતુ વૈશ્વિક સ્થિરતા વિના રિકવરી મુશ્કેલ છે. ડાયમંડ ઉદ્યોગ ગુજરાતના અર્થતંત્રનો મહત્ત્વનો સ્તંભ છે, તેથી તેની સુરક્ષા વિકસિત ગુજરાતના લક્ષ્ય માટે જરૂરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સાચી મૂડી

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જૂના સમયની વાત છે. એક ઘણા મોટા વેપારી હતા. દેશ પરદેશમાં તેમનો વેપાર ચાલે, તેમનાં વહાણ સાત સાગરને ખૂંદી વળે. શેઠના ઘેર હાથી, ઘોડા ઝૂલે એવી દોમદોમ સાહ્યબી હતી.

એક દિવસ ઘરે આવીને શેઠ જુએ તો શેઠાણી છાણાં થાપતાં હતાં. શેઠે આશ્ચર્યથી પૂછ્યું, ''અરે, તું છાણાં થાપવાનું કામ જાતે શું કામ કરે છે?'' શેઠાણી બોલ્યાં, ''જરા ધીરેથી બોલો. આજે હોલિકા ઉત્સવ છે એટલે જ બધા સેવકોને રજા આપી છે. ઘરમાં એકલી જ છું. પૂજાપાઠ નિમિત્તે આપણી ગૌશાળામાંથી છાણ મંગાવી લીધું છે અને હવે કોઈને ખબર ન પડે તેમ છાણાં થાપવા બેઠી છું.''શેઠને હજી કંઈ ન સમજાયું, ''પણ આમ જાતે છાણાં થાપવાનું કંઈ કારણ ખરું?''

શેઠાણીએ બાજુમાં પડેલી હીરાની પોટલી તરફ આંગળી ચીંધીને પૂછ્યું, ''આ શું છે?'' શેઠે કહ્યું, ''અરે, આ તો હમણાં લીધેલા મોંઘા મૂલના હીરા છે. આ હીરા ભરેલી પોટલી તેં અહીં શું કામ રાખી છે?'' શેઠાણી શાંતિથી બોલ્યાં, ''તમારામાં દુરંદેશી નથી પણ મારામાં છે. તમે ભલે વેપારના સોદા કરી જાણો પણ જીવનમાં દુરંદેશી બહુ જરૂરી છે.'' શેઠે કહ્યું, ''શેઠાણી છાણાં થાપી તમે કઈ દુરંદેશી સાબિત કરવા માંગો છો?'' શેઠાણી બોલ્યાં, ''જુઓ, જાણે વાત એમ છે કે છાણાં થાપું છું એમાં હું એક એક હીરો પણ મૂકું છું પછી આ હીરાવાળા છાણાં હું એક કોથળામાં ભરી માળિયે મૂકી દઈશ. ન કરે નારાયણ ને આપણા દિવસ ફરે. ધારો કે રાજા રૂઠે કે વેપારમાં પાસાં અવળાં પડે તો છાણાં ભરેલા કોથળા લઈ ભાગી જવાનું અને પછી હીરા વેચી નવું જીવન શરૂ કરવાનું. બોલો છો ને મારી દીર્ઘદૃષ્ટિ શાબાશીને પાત્ર.''

શેઠ કટાક્ષમાં બોલ્યા, 'વાહ, શું દુરંદેશી છે. સૌથી પહેલાં આપણી સમૃદ્ધિ લૂંટાઈ જાય એવું વિચારવાનું શું કામ અને મને એક વસ્તુ સમજાવો શેઠાણીજી કે જો ભાગ્ય ફરે બધું જ લુંટાઈ જાય તો પછી આ છાણાં આપણી પાસે વધશે ખરાં?'' શેઠાણી ચૂપ થઈ ગયાં. શેઠે કહ્યું, ''શેઠાણી આપણું ભાગ્ય, પુરુષાર્થ, હૃદયમાં વસેલું આત્મબળ અને આત્મવિશ્વાસ જ આપણી સાચી સમૃદ્ધિ છે. આ હીરા, મોતી, પૈસામાં તમને સમૃદ્ધિ દેખાય છે પરંતુ જો સાચે જ ભાગ્ય રૂઠશે તો હીરા, મોતી, પૈસા કે હીરા ભરેલાં છાણાં નહીં બચે કે નહીં બચાવી શકીએ પણ આપણો આત્મવિશ્વાસ જ આપણી સાચી મૂડી છે. જ્યારે સમૃદ્ધિ નહીં બચાવી શકે પણ આત્મવિશ્વાસ આપણને આગળ લઈ જઈ શકશે.''શેઠાણી સમજી ગયાં.

વિરોધ વિકાસનો નહીં, એના નામે થતા દૃષ્ટિહીન આયોજનનો

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

પાંચેક વર્ષ પહેલાં, 18 ઓક્ટોબર, આ નગરનાં રહીશો સમક્ષ એક અભૂતપૂર્વ દરખાસ્ત આવી. છેલ્લાં સવાસો વર્ષના ઈતિહાસમાં આવું કોઈએ જોયું-સાંભળ્યું નહોતું

વાત જરા નવાઈ પમાડે એવી ખરી, કેમ કે, ગામલોકો એક થયાં અને એ પણ વિરોધ માટે, છતાં કેવળ વિરોધ કરવાને બદલે એમણે એવું પરિણામ મેળવવા કમર કસી કે જેને લઈને તેઓ ઉદાહરણરૂપ બની રહ્યાં. વાત છે કેરળના પલક્કડ જિલ્લાના ચિત્તૂર-થાથમંગલમ નામના નગરની અને તેનાં લોકોની.

પાંચેક વર્ષ પહેલાં, 18 ઓક્ટોબર, આ નગરનાં રહીશો સમક્ષ એક અભૂતપૂર્વ દરખાસ્ત આવી. છેલ્લાં સવાસો વર્ષના ઈતિહાસમાં આવું કોઈએ જોયું-સાંભળ્યું નહોતું.

એ હતો ડ્રાફ્ટ માસ્ટર પ્લાન, 2031. રાજ્યના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા આ મુસદ્દામાં આગામી દાયકામાં આ નગરના વિકાસનું આયોજન શી રીતે કરવામાં આવશે તેની વિગતો હતી. વિકાસની મોટા ભાગની યોજનામાં હોય છે એમ તેમાં માળખાકીય આયોજન હતાં. એટલે કે રસ્તા પહોળા કરવા, ચાર બાયપાસ અને રીંગ રોડ બનાવવા, નવું બસ સ્ટેન્ડ, ખટારાઓ માટેનાં બે ટર્મિનલ, એક ટર્મિનલ બજાર બનાવવું વગેરે જેવા 85 પ્રકારના વિવિધ પ્રકલ્પો હતા. સ્વાભાવિકપણે જ એવો દાવો કરાયો હતો કે આ બધું આયોજન આર્થિક વિકાસને વેગ આપવા માટે તૈયાર કરાયું છે.

રાજ્ય સરકાર તરફથી આવેલી આ દરખાસ્તને નવાસવા ચૂંટાયેલા પક્ષ 'લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ'(એલ.ડી.એફ.) અને નગરનાં આશરે બત્રીસ હજાર જેટલાં રહીશોએ ઝીણવટથી ચકાસી અને સૌના મનમાં ચેતવણીની ઘંટડી વાગવા લાગી. તેમને ખ્યાલ આવી ગયો કે આ પ્રકલ્પોનો અમલ કરવામાં આવશે તો પોતાના નગરની લાક્ષણિકતાઓમાં ધરમૂળથી પરિવર્તન આવી જશે અને એ બહેતર નહીં, બદતર હશે. નગરની એંસી ટકા અર્થવ્યવસ્થા પડી ભાંગશે, સેંકડો મકાનો અને જાહેર સ્થાનો તોડી પાડવામાં આવશે તેમ જ ખેતીની અનેક એકર જમીન પણ નષ્ટ થશે. નગરનાં લોકો એટલું સમજ્યા કે આવાં આયોજન અનુસાર વિકાસ થશે તો સરવાળે એનાથી પૂર, અછત, બેકારી અને સ્થળાંતર સિવાય બીજું કંઈ મળવાનું નથી. અહીં મુખ્યત્વે ડાંગર, કેળાં અને નાળિયેરની ખેતી કરવામાં આવે છે, જેની સિંચાઈ વ્યવસ્થા પણ સ્થાનિક સ્તરે વિકસાવાયેલી છે. તેની સીધી અસર ભૂપૃષ્ઠ, પાણીના પ્રવાહ અને અન્ય સામુહિક જરૂરિયાતના સ્રોત પર થાય છે અને આ બધા પર વિપરીત અસર થાય તો નગરજનોના ભાવિને તે જોખમમાં મૂકી શકે છે. આમ વિચારીને સૌ નગરજનોએ રાજ્ય દ્વારા તૈયાર કરાયેલા વિકાસ આયોજનના નકશાને સ્વીકારી લેવાને બદલે તેનો વિરોધ કર્યો અને તેને પડકાર્યો. આ વિરોધમાં વ્યાપારીઓ, ખેડૂતો, અન્ય વ્યાવસાયિકો પણ જોડાયાં. અલબત્ત, આટલેથી તેઓ અટક્યાં નહીં.તેમણે એક એવું કામ શરૂ કર્યું, જે મિસાલરૂપ બની રહેવાનું હતું.

અહીંની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ તેનું પોતાનું વૈકલ્પિક આયોજન શરૂ કર્યું, જેમાં અનેક આયોજકો, સ્થાનિકો, સ્વયંસેવકો તેમજ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોને સાંકળ્યાં. ખરા અર્થમાં લોકભાગીદારી થકી તેમણે સૌએ મળીને આગામી તેત્રીસ મહિના સુધી મથીને જે આયોજન કર્યું એ હતું 'ચિત્તૂર-થાથમંગલમ માસ્ટર પ્લાન 2042.'આ આયોજનમાં નગરના સામુદાયિક સ્રોતને જાળવવામાં આવ્યા, એમ જળવાયુ પરિવર્તન અને તેની અસરોને પણ ધ્યાનમાં લેવામાં આવી. કોઈ મ્યુનિસિપાલિટી દ્વારા, સૌને સામેલ કરીને બનાવાયેલો દેશનો આ પહેલવહેલો પ્લાન બની રહ્યો. 'કેરળ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ'(કે.ટી.સી.પી.) કાનૂન, 2016ની જોગવાઈઓને અનુરૂપ આખું આયોજન કરવામાં આવ્યું, જેમાં માસ્ટર પ્લાન તૈયાર કરાવવા દરમિયાન લોકભાગીદારીને ફરજિયાત રાખવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયાના માર્ગદર્શન માટે મ્યુનિસિપાલિટી દ્વારા બે અર્બન પ્લાનર- જયરાજ સુંદરેશન અને માલિની કૃષ્ણકુટ્ટીની 'માસ્ટર પ્લાન એક્સપર્ટ કમિટી' બનાવવામાં આવી. કેવળ વિરોધ કરીને બેસી રહેવાને બદલે કે આખા મામલાને અદાલતી કાર્યવાહીના ચક્કરમાં ફસાવવાને બદલે સૌએ એવું વૈકલ્પિક આયોજન તૈયાર કરવાનું પસંદ કર્યું કે જે સ્થાનવિશેષ બાબતોને ધ્યાનમાં રાખીને કરાયું હોય. અહીં જળ વ્યવસ્થાપન માટે સદીઓ પુરાણી જળવ્યવસ્થા છે, જે નહેરો અને ઝરણાંઓથી જોડાયેલી છે. આ ઉપરાંત અહીંની જળસંચય પ્રણાલી, પીવાના પાણીની વ્યવસ્થા, પૂરનિયંત્રણ પ્રણાલી વગેરે પણ સુઆયોજિત તેમજ અસરકારક છે.

આ નગરના વણકર સમાજ દ્વારા એક ખુલ્લા સ્થળે સૂતરના તાંતણા ખેંચવા-પાથરવામાં આવે છે, તેમજ મંદિરમાં કરાતી ઉજવણીનું એક મેદાન છે. રાજ્યના આયોજનમાં આ બધું સાવ નજરઅંદાજ કરવામાં આવ્યું હતું, કેમ કે, એ આયોજન આ સ્થાનની લાક્ષણિકતાઓને આધારે નહીં, પણ એક તૈયાર, સાર્વત્રિક લાગુ પાડી દેવાતું આયોજન હતું.

આયોજનમાં આવી મહત્ત્વની બાબતોને અવગણવામાં આવે તો તે વિકાસ નહીં, વિનાશપ્રેરક બની રહે. આયોજનમાં 'એક્ઝિસ્ટીંગ લેન્ડ યુઝ'(ઈ.એલ.યુ.) ના નકશાઓ તેના ઉપયોગ અનુસાર આવાસ, વ્યાપારી કે ઔદ્યોગિક ઉપયોગ વગેરે જેવી શ્રેણી પર આધારિત હોય છે.

મોટાં શહેરોમાં આવું સ્પષ્ટ વિભાજન કદાચ ઉપયોગી બની રહે, પણ નાનકડાં નગરોમાં આવું વિભાજન ખાસ કામ લાગતું નથી. આવાં નગરોમાં એક જ સ્થળ અનેકવિધ ગતિવિધિઓ માટે ઉપયોગમાં લઈ શકાય છે. આથી તેનું દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે. જેમ કે, ડાંગરનું ખેતર અમુક મોસમમાં બતકઉછેર કરનારા પણ ઉપયોગમાં લે છે. તેઓ પોતાનાં બતકોને અહીં લાવે છે, બતકો અહીં ફરે છે, જીવજંતુઓ તેમજ વધ્યુંઘટ્યું અનાજ ખોરાક તરીકે લે છે અને હગાર કરે છે, જે પૌષ્ટિક ખાતરનું કામ કરે છે.

લોકો અને જમીન વચ્ચેના આવા બહુસ્તરીય સંબંધોને સમજીને આયોજન કરવામાં આવે તો જ તે અસરકારક બની રહે પણ ઓરડામાં બેસીને તૈયાર કરાયેલા એક સાર્વત્રિક નકશાને સીધેસીધો ઠોકી બેસાડવામાં આવે ત્યારે શું થાય એ કહેવાની જરૂર ખરી? એનાં પરિણામ આપણી આસપાસ આપણે જોઈ-ભોગવી રહ્યાં છીએ. આ સંજોગોમાં ચિત્તૂર- થાથમંગલમનાં લોકોએ જે અદ્‌ભુત પહેલ કરી તેની વિગતે વાત આગામી સપ્તાહે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

રસ્તે રઝળતી વાર્તા

હજી જેમની જીવનકથાની શરૂઆત જ થઈ હોય તેવાં બાળકોને રસ્તે રઝળતી વાર્તા બની જવાનું દુર્ભાગ્ય સાંપડે અને સમાજ તથા સરકાર તે તરફ દુર્લક્ષ દર્શાવે તે માનવતાવિરોધી અભિગમ જ ગણાય. મોડે મોડે પણ સુરત મહાનગરપાલિકાનું તે દિશામાં ધ્યાન ગયું છે તે અભિનંદનપાત્ર હકીકત જ કહેવાય. શિક્ષણવંચિત પેટિયું રળતાં બાળકોના જીવન ઉત્થાન માટે તેણે રૂપિયા પાંચ કરોડના ખર્ચે ''સિજલ સ્કૂલ'' નામથી કલ્યાણકારી યોજના બનાવી છે. પ્રથમ તો ભિક્ષુક બાળકો માટે સરવે કરાશે, તે પછી ચોક્કસ પ્રયાસોથી ભિક્ષાવૃત્તિથી મુક્ત બનાવવા, માર્ગો પર ભટકતાં લાચાર બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવાનું કાર્ય થશે. તે માટે ''સિગ્નલ સ્કૂલ'' પ્રોજેક્ટ હાથ ધર્યો છે. છ થી ચૌદ વર્ષની વયનાં ભિક્ષુક બાળકોને શિક્ષણ પ્રદાન કરવામાં આવશે, જેથી તેઓ સમાજની મુખ્ય ધારામાં જોડાઈ શકે. ભિક્ષુક બાળકો ભીખ માંગે છે, તે માટે ટ્રાફિક સિગ્નલો કે ખુલ્લા પ્લોટમાં ભીખ માંગતાં ફરે છે યા તો બિનજરૂરી પ્રવૃત્તિઓમાં રહે છે. શહેરના ચાર રસ્તાઓ પર વાહન વ્યવહાર નિયંત્રણ માટે સિગ્નલો હોય છે, જેમાં લાલ અને લીલી, પીળી બત્તીઓ ચાલે છે તે જાણે ભિક્ષુક બાળકોના સંકેતજનક બની જાય છે. આવાં બાળકોને આ યોજના હેઠળ દરરોજ પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન, આરોગ્ય તપાસ, વિના મૂલ્યે મળશે, શિક્ષણ સમિતિ તેમને રહેઠાણથી શાળા સુધી લાવવા, મૂકી જવાની જવાબદારી લેશે. સિગ્નલ સ્કૂલો માટે બસમાં હરતી ફરતી શાળાઓ બનશે. પ્રત્યેક બસ માટે આશરે ચાલીસ લાખ રૂપિયા ખર્ચાશે. જેમાં છ કોમ્પ્યુટર અને સ્માર્ટ એજ્યુકેશનની સુવિધાઓ હશે. સુરક્ષા અને દેખરેખ માટે બસોમાં સી.સી. ટી.વી. કેમેરા અને જી.પી.એસ. સિસ્ટમ હશે, જેનું સીધું મોનિટરીંગ આઈ.સી.સી. દ્વારા થશે. બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે ખાસ તાલીમ પામેલાં બે શિક્ષકો, હેલ્પર અને નિરીક્ષકો નિયુક્ત થશે. તેમની સજ્જતા માટે બ્રિજકોર્સ ''જેવી ખાસ જોગવાઈ હશે'' ભિક્ષા નહીં, શિક્ષા'' નો અભિગમ જળવાશે. ચાઈલ્ડ ફ્રેન્ડલી ડિઝાઈનથી બસ તૈયાર થશે. આજનાં બાળકો જ દેશનું ભવિષ્ય છે અને તેથી નિરાધાર બાળકોને રસ્તે રઝળતી વાર્તા બનતાં રોકી શકાયાં તે સૌથી અગત્યની બાબત કહેવાય.

સુરત - યૂસુફ એમ. ગુજરાતી

પ્રધાન સેવકની નૈતિક જવાબદારી

કોઈ પણ નગરનો રાજા જ્યારે પ્રજા પર સંકટ આવે ત્યારે આગળ આવીને પ્રજાની રક્ષા કરે અને હિમ્મત ધીરજ આપે અને એ જ રીતે અમેરિકા અને ઈરાન વચ્ચે થઈ રહેલા યુધ્ધની આડ અસર હેઠળ ગેસ સિલિન્ડર અને પેટ્રોલની કુદરતી કે પછી કૃત્રિમ અછત ઊભી થઈ છે. આવી પરિસ્થિતિમાં પ્રધાન સેવક પ્રજાને બાંહેધરી આપવી જોઈએ કે ગભરાવાની કોઈ જરૂર નથી. અમારી સરકાર અનિવાર્ય ઉપસ્થિત થયેલા સંકટને પહોંચી વળવામાં પૂરી સક્ષમ છે. આવું નિવેદન દેશની પ્રજાને હિમ્મત અને ધીરજ આપે.

સુરત - રાજુ રાવલ

ગાંધીના ગુજરાતમાં શિક્ષકોની આ અવદશા કેમ?

ચાણક્યે કહ્યું છે કે "શિક્ષક કભી સાધારણ નહીં હોતા. પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ". ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન બ્રહ્મા,વિષ્ણુ સાથે સરખાવવામાં આવ્યું છે જે ગોવિંદને પામવા માટે સક્ષમ છે. પરંતુ આજે વારંવાર શિક્ષકોને શોભજનક સ્થિતિમાં મૂકવામાં આવી રહ્યા છે. કોઈ પણ કામ હોય, પ્રાઈમ મિનિસ્ટર આવવાના હોય કે મુખ્ય પ્રધાન આવવાના હોય કે સરકારી કાર્યક્રમમાં સંખ્યા ભેગી કરવાની હોય, કાર્યક્રમ માટે મુકાયેલ એસટી બસ ભરવાની હોય, મિનિસ્ટર પદયાત્રા કરવાના હોય, સંખ્યા બતાવવા,ગરીબ મેળો,રોજગાર મેળો અન્ય કોઈ મેળા હોય, વસતી ગણતરી ચૂંટણીનું કામ,પોલિયોનાં ટીપાં પીવડાવવાનાં હોય, કોરોના કાળમાં રેશનિંગની દુકાને બેસવાનું હોય, કોરોનામાં તો સ્મશાનમાં કેટલાં મડદાં આવ્યાં એ પણ જોવામાં આવ્યું. પ્રવેશ ઉત્સવ હોય, કૃષિ મહોત્સવ,કોઈ પણ સહકારી તાયફાને સારી રીતે પાર પાડવા હાથવગું હથિયાર એટલાં શિક્ષકો. સરની કામગીરીમાં તો કેટલાંક શિક્ષકો મૃત્યુ પામ્યાં તો હવે વસતીગણતરીનું કામ આવ્યું. પરીક્ષા ઉપર જ વસતીગણતરી, પેપર જોવા કે વસતી ગણતરી કરવા જવાનું, વળી શિક્ષણ સમયમાં જ પાછી તાલીમ,મીટીંગો આ બધામાં વિદ્યાર્થીઓને ક્યારે ભણાવવાનાં, સરકારી અધિકારીઓ મન ફાવે તેવા પરિપત્રો કાઢીને શિક્ષકોને પરેશાન કરે છે. આ કેટલા અંશે વ્યાજબી છે? એમ કહેવાય કે ગુજરાતમાં શિક્ષણનું નીચલું સ્તર આ માટે જવાબદાર છે. સરકાર વહેલી તરીકે જાગે અને તરત એક્શન મોડમાં આવે જેથી ગુરુ દ્રોણ, વિશ્વામિત્ર, સાંદીપનિ વશિષ્ઠ જેવા ગુરુજનના વારસદાર શિક્ષકોની અને વિદ્યાર્થીઓની અવદશા અટકાવી શકાય. યોગેન્દ્ર પટેલ

સુરત - યોગેન્દ્ર પટેલ

યુવા રાજનીતિ અને પરિવર્તન

નેપાળમાં ગત વર્ષે થયેલા 'જેન-ઝેડ' (Gen-Z) આંદોલનને ત્યાંની રાજનીતિનું ચિત્ર સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. યુવા પેઢીની આકાંક્ષાઓને અવગણવી પૂર્વ વડા પ્રધાન કે.પી. શર્મા ઓલીને ભારે પડી હતી. આજે એક વર્ષ બાદ નેપાળમાં એક નવા રાજકીય યુગનો ઉદય થયો છે તેમ કહી શકાય. ચુંટાઈને વડા પ્રધાન બનેલા બાલેન શાહ, જેમની ઉંમર માત્ર ૩૪ વર્ષ છે, તેઓ યુવા રાજનીતિનો મોટો ચહેરો બનીને ઉભર્યા છે, તેમને આવતાંની સાથે શિક્ષણ ક્ષેત્રમાં લઈને નવા નિર્ણયો લઈ રહ્યા છે. વાત માત્ર નેપાળની નથી, દુનિયાનો કોઈ પણ દેશ હોય ત્યાં યુવા મતોનું પ્રભુત્વ હંમેશા વધારે હોય છે. આજનો યુવા વર્ગ માત્ર સંખ્યામાં જ નહીં, પણ બુદ્ધિચાતુર્ય અને જ્ઞાનમાં પણ ઘણો આગળ છે. જો ભારતીય રાજનીતિની વાત કરીએ તો, ભાજપ અને કોંગ્રેસ જેવા મુખ્ય પક્ષો ઉપરાંત હાલમાં આમ આદમી પાર્ટી સ્થાનિક ચૂંટણીઓમાં યુવાઓને વધુ પ્રતિનિધિત્વ આપી રહી હોય તેવું જણાય છે.

જો કે ભાજપ કોંગ્રેસ આગામી સમયમાં આવનારી સ્થાનિક ચૂંટણીઓમાં કેટલા યુવા ઉમેદવારોને ટીકીટ આપે છે તે જોવું રહ્યું. યુવા નેતાઓ પાસે હંમેશા આધુનિક અને નવીન વિચારો હોય છે. તેનો અર્થ એ નથી કે વરિષ્ઠ નેતાઓ પાસે અનુભવ નથી, તેમનો અનુભવ પણ દેશને વિકાસની ગતિ તરફ આગળ લઈ જાય છે. ભારતના વડા પ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદી સાહેબે તેમની દૂરદર્શી વહીવટી કુશળતાને કારણે દેશમાં ભારતનું નામ રોશન થયું છે.યુવાનોએ પણ રાજકારણમાં સક્રિય રસ લેવો જોઈએ. જો રાજકારણના માધ્યમથી સાચી નિષ્ઠા સાથે સેવા કરવામાં આવે, તો દેશનો વિકાસ વધુ ઝડપથી અને સારી રીતે કરી શકાય છે.

પંચમહાલ - વિજયસિંહ સોલંકી

એકવીસમી માર્ચ: અનોખો દિવસ

પારસીઓનો જમશેદી નવરોઝ પણ છે અને હવે 21મી માર્ચે દર વર્ષની માફક સૂર્ય, પૃથ્વીના મધ્ય ભાગે આવેલા પૂર્વ પશ્ચિમ દિશા બનાવતાં વિષુવવૃત્ત ઉપર બપોરે બરાબર કાટખૂણે પ્રકાશે છે. તેથી આપણે ત્યાં અર્થાત્ ઉત્તર ગોળાર્ધના કર્કવૃત્તના પ્રદેશોમાં દિવસ અને રાત સરખા બનવા પામે છે.

એટલે કે દિવસ બાર કલાકનો બને છે અને રાત્રી પણ બાર કલાકની બને છે. એ જ રીતે દક્ષિણ ગોળાર્ધ એટલે કે મકર વૃત્તના પ્રદેશોમાં પણ દિવસ અને રાત સરખાં બનવા પામે છે. 21મી માર્ચ પછી સૂર્ય આપણા તરફ એટલે કે કર્કવૃત્ત તરફ ધીમે-ધીમે આવવા લાગશે. અને ઉનાળાની તીવ્રતા વધતી જશે. તો મકર વૃત્તના પ્રદેશોમાં ધીમે-ધીમે શિયાળો જામતો જશે.

સુરત - બાબુભાઈ નાયક